# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 39 | 30 | 13 | 18 | 100 |
| ટકા | 39 | 30 | 13 | 18 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 13 | 17 | 26 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 08 | 12 | 24 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 04 | 06 | 20 |
| | **કુલ** | **55** | **65** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | સંચાલનનું સ્વરૂપ અને મહત્ત્વ | 16 | 21 |
| 2. | સંચાલનના સિદ્ધાંતો | 07 | 07 |
| 3. | આયોજન | 10 | 12 |
| 4. | વ્યવસ્થાતંત્ર | 14 | 19 |
| 5. | કર્મચારી વ્યવસ્થા | 13 | 18 |
| 6. | દોરવણી | 10 | 13 |
| 7. | અંકુશ | 07 | 07 |
| 8. | નાણાકીય સંચાલન | 06 | 09 |
| 9. | નાણાકીય બજાર | 08 | 08 |
| 10. | બજારપ્રક્રિયા સંચાલન | 09 | 16 |
| | **કુલ** | **100** | **130** |
| | | | |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાનાં પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** | **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ ચાર વિકલ્પો (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 31 થી 47 | **વિભાગ - C** નીચે આપેલા 31 થી 47 સુધીના કુલ 17 પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ) | 26 |
| 48 થી 59 | **વિભાગ - D** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેકના 3 ગુણ) | 24 |
| 60 થી 65 | **વિભાગ - E** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 સુધીના 06 પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. (દરેકના 5 ગુણ) | 20 |
| | **કુલ** | **100** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહીં.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**

**ધોરણ-12 : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગ છે.

(2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.

(4) નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

## વિભાગ - A

- **નીચે આપેલા પ્રશ્ન 1 થી 15 ક્રમાંક હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[15]**

(1) અન્ય વ્યક્તિઓ પાસેથી કામ લેવાની કળાને શું કહે છે ?

(A) આયોજન (B) સંચાલન (C) દોરવણી (D) સંકલન

(2) સંચાલનની સપાટીઓ કેટલી છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(3) વૈજ્ઞાનિક સંચાલન વિચારધારાના પ્રણેતા કોણ છે ?

(A) લ્યુથર ગ્યુલિક (B) ફ્રેડરીક ટેલર (C) હેનરી ફેયોલ (D) પીટર એફ. ડ્રકર

(4) આયોજનને કોની સાથે સંબંધ છે ?

(A) ભૂતકાળ (B) વર્તમાન (C) ભવિષ્ય (D) ઉત્પાદન

(5) એકમનું જીવન ધ્યેય નક્કી કરતી યોજના કઈ છે ?

(A) કાયમી યોજના (B) સુનિયોજિત યોજના (C) વ્યૂહાત્મક યોજના (D) એક ઉપયોગી યોજના

(6) કયા વ્યવસ્થાતંત્રને લશ્કરી વ્યવસ્થાતંત્ર કહે છે ?

(A) શ્રેણિક (B) કાર્યાનુસાર (C) રૈખિક (D) અવૈધિક

(7) જે એકમોમાં સમગ્ર સત્તા ઉચ્ચ સંચાલકો પાસે જ કેન્દ્રિત હોય તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) કેન્દ્રીકરણ (B) વિકેન્દ્રીકરણ (C) વિમૂડીકરણ (D) ધ્રુવીકરણ

(8) કર્મચારીઓ ધંધાકીય એકમની શું છે ?

(A) અમૂલ્ય મિલકત છે. (B) મૂડી સમાન છે. (C) જવાબદારી છે. (D) શક્તિ છે.

(9) ઉમેદવારનો સ્વભાવ અને આત્મવિશ્વાસ જાણવા કઈ કસોટી લેવાય છે ?

(A) બુધ્ધિ કસોટી (B) ધંધાકીય કસોટી (C) મનોવૈજ્ઞાનિક કસોટી (D) અભિરુચિ કસોટી

(10) દોરવણીની જરૂર કઈ સપાટીએ હોય છે ?

(A) તળ (B) મધ્ય (C) ઉચ્ચ (D) દરેક સપાટીએ

(11) સંચાલનનું અંતિમ કાર્ય કયું છે ?

(A) અંકુશ (B) આયોજન (C) વ્યવસ્થાતંત્ર (D) કર્મચારી વ્યવસ્થા

(12) વિદેશી રોકાણ સંસ્થાએ તેની નોંધણી કોની સમક્ષ કરાવવી પડે છે ?

(A) સેબી (B) કંપની રજિસ્ટ્રાર (C) અદાલત (D) શેરબજાર

(13) ટ્રેઝરી બિલ ભારત સરકાર વતી કોણ બહાર પાડે છે ?
(A) SBI (B) RBI (C) CBI (D) BOB

(14) બજારીય વિભાવનામાં કોણ કેન્દ્ર સ્થાને હોય છે ?
(A) પેદાશ (B) ઉત્પાદન (C) ગ્રાહક (D) નફો

(15) જ્યારે ઉત્પાદક ગ્રાહકને સીધું વેચાણ કરતો હોય ત્યારે કેટલી સપાટીવાળી વિતરણ વ્યવસ્થા ઊભી થઈ એમ કહેવાય ?
(A) એક (B) બે (C) ત્રણ (D) શૂન્ય

## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[15]**

(16) એકમના સંચાલન અંગેની સર્વોચ્ચ સત્તા ધરાવતી સપાટીને કઈ સપાટી કહે છે ?
(17) મધ્ય સપાટી સંચાલન બીજા કયા નામે ઓળખાય છે ?
(18) C.E.O. નું વિસ્તૃત રૂપ આપો.
(19) હુકમની એક્વાક્યતા એટલે શું ?
(20) હેતુ નિર્ધારણ એટલે શું ?
(21) સત્તા સોંપણી કોને કહેવાય ?
(22) અવૈધિક વ્યવસ્થાતંત્ર એટલે શું ?
(23) કર્મચારી વિનાના વ્યવસ્થાતંત્ર કોની સાથે સરખાવવામાં આવે છે ?
(24) કર્મચારીઓની પસંદગી માટે લેવાતી કસોટીઓના નામ જણાવો.
(25) નિરીક્ષણના કાર્યને કોના કાર્ય સાથે સરખાવવામાં આવ્યું છે ?
(26) વિચલન એટલે શું ?
(27) નાણાકીય સંચાલનનો કયો હેતુ સ્વીકાર્ય ગણવામાં આવે છે.
(28) મૂડી માળખું શાનું બનેલું હોય છે ?
(29) બજાર પ્રક્રિયા એટલે શું ?
(30) અભિવૃધ્ધિ મિશ્ર કોને કહેવાય ?

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 47 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ)** **[26]**

(31) સંચાલનથી સમાજને કયા લાભ મળે છે ?
(32) સંકલનનો અર્થ આપો.
(33) બજાર સંચાલનનાં મુખ્ય તત્ત્વો કયા છે ?
(34) 'Rule of Thumb' કોને કહે છે ?
(35) સર્વોચ્ચ અંદાજપત્ર એટલે શું ?
(36) આયોજનનાં ઘટકો જણાવો.
(37) વિકેન્દ્રીકરણ ક્યારે શક્ય બને છે ?
(38) 'વૈધિક અને અવૈધિક વ્યવસ્થાતંત્ર એકબીજાને પૂરક છે' - સમજાવો.
(39) 'સત્તા અને જવાબદારીનું વિભાજન એ વ્યવસ્થાતંત્રનો પાયો છે' - સમજાવો.

(40) ભરતી માટેના આંતરિક અને બાહ્ય પ્રાપ્તિસ્થાનોના નામ જણાવો.

(41) તાલીમનો અર્થ આપો.

(42) 'અંકુશ એ સતત પ્રક્રિયા છે'- સમજાવો.

(43) કૉલ મની અને નોટિસ મની વચ્ચે મુખ્ય કયો તફાવત છે?

(44) નાણાં બજારનાં સાધનો ક્યાં છે.

(45) લેબલિંગના ઉપયોગો જણાવો.

(46) વેચાણકર્તાની કોઈ પણ બે લાક્ષણિકતાઓ જણાવો.

(47) બ્રાન્ડિંગની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 08 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.** **[24]**
  **(દરેકના 3 ગુણ)**

(48) વિકેન્દ્રીકરણનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

(49) સંચાલનના સિદ્ધાંતોનું મહત્ત્વ સમજાવો.

(50) સત્તા સોંપણીના મૂળતત્ત્વો સમજાવો.

(51) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રની આકૃતિ દોરો.

(52) દોરવણીનું મહત્ત્વ સમજાવો.

(53) નિરીક્ષકનાં કાર્યો જણાવો.

(54) 'આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે' - સમજાવો.

(55) આદર્શ મૂડીમાળખાની લાક્ષણિકતાઓ સમજાવો.

(56) કુલ કાર્યશીલ મૂડી અને ચોખ્ખી કાર્યશીલ મૂડી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(57) શૅર બજારનાં કાર્યો સમજાવો.

(58) બજાર પ્રક્રિયા અને વેચાણ વચ્ચેનો તફાવત સમજાવો.

(59) વેચાણ વૃદ્ધિની પ્રયુક્તિઓ સમજાવો.

## વિભાગ - E

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.** **[20]**
  **(દરેકના 5 ગુણ)**

(60) સંચાલનનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

(61) અધિકારીઓની સપાટી અને નિરીક્ષકોની સપાટી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(62) આયોજનની વ્યાખ્યા આપી તેની પ્રક્રિયા સમજાવો.

(63) પસંદગીની પ્રક્રિયા સમજાવો.

(64) કર્મચારી વ્યવસ્થાનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

(65) માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ આકૃતિ સહિત સમજાવો.

●●●